# જેએસડબ્લ્યુ સિમેન્ટે શિવા સિમેન્ટ ખરીદી

જેએસડબ્લ્યુ ગ્રુપની કંપની જેએસડબ્લ્યુ સિમેન્ટે ઓડિશાની શિવા સિમેન્ટમાં પ્રમોટર્સનો હિસ્સો રૂા. ૮૮ કરોડમાં ખરીદ્યો છે અને જાહેર હિસ્સાધારકો પાસેથી ૩૨ ટકા હિસ્સો ખરીદવા માટે ઓપન ઓફર પણ કરી છે. જેએસડબ્લ્યુ સિમેન્ટે શિવા સિમેન્ટના પ્રતિ શેર દીઠ રૂા. ૧૪ના ભાવની ઓપન ઓફર કરી છે. શિવા સિમેન્ટના પ્રમોટર્સ પાસે ૩૭.૧૫ ટકા હિસ્સો છે, જ્યારે બાકીનો ૬૨.૮૫ ટકા હિસ્સો પબ્લિક શેરહોલ્ડર્સ પાસે છે. શિવા સિમેન્ટને ખરીદવા માટે અગાઉ શ્રી સિમેન્ટ અને જેએસડબ્લ્યુ સિમેન્ટ વચ્ચે હરીફાઈ થઈ હતી. આખરે જેએસડબ્લ્યુ સિમેન્ટે સોદો કર્યો છે. આ સોદાથી જેએસડબ્લ્યુ સિમેન્ટને નવા બજારોમાં પ્રવેશવા તેમ જ ઉત્પાદનક્ષમતા વધારવામાં મદદ મળી રહેશે.